તા. 08-09-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : રવિવાર

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ✓ વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર સાઉદી અરેબિયા પહોંચ્યા. - ભારત-અખાત સહયોગ પરિષદની બેઠકમાં ભાગ લેશે
- ✓ અબુ ધાબીના યુવરાજ શેખ ખાલિદ બિન મહોમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન આજે ભારતની મુલાકાતે.
- ✓ જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પ્રચારે વેગ પકડ્યો. - આજે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ બે જાહેર સભાઓ સંબોધશે.
- ✓ આજે વિશ્વ સાક્ષરતા દિવસ – ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાષ્ટ્રીય શિક્ષણ નીતિને પરિવર્તનકારી ગણાવી.
- ✓ રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોભાલ રશિયા-યુક્રેન કટોકટીનો ઉકેલ લાવવાના હેતુથી આ સપ્તાહે મોસ્કોની મુલાકાતે જશે.
- ✓ પેરિસ પેરાલિમ્પિક ગેમ્સનું આજે સમાપનઃ ભારતે ગઈ કાલે બે ચંદ્રકો મેળવ્યાઃ કુલ 29 ચંદ્રક સાથે 16મા ક્રમે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 08-09-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# JAISHANKAR - RIYADH BERLIN GENEVA

વિદેશ મંત્રી ડૉ.એસ જયશંકર સાઉદી અરેબિયાનીબે દિવસની મુલાકાતે આજે રિયાધ પહોંચ્યા છે. પ્રોટોકોલ બાબતોના નાયબ મંત્રી અબ્દુલ માજીદ અલ સ્મારીએ હવાઈ મથકે ડૉ.જયશંકરનું સ્વાગત કર્યું હતું. વિદેશ મંત્રી ભારત-અખાત સહયોગ પરિષદના વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠકમાં ભાગ લેશે. આ બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓ પરિષદના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે.

અખાત સહયોગ પરિષદ ક્ષેત્ર ભારતના મુખ્ય વેપાર ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં લગભગ નેવું લાખ ભારતીયો વસે છે. મુલાકાતના બીજા તબક્કામાં ડૉ. જયશંકર બે દિવસની મુલાકાતે મંગળવારે જર્મનીની રાજધાની બર્લિનની મુલાકાત લેશે. બર્લિનની આ તેમની ત્રીજી મુલાકાત હશે. જર્મની ભારતમાં સૌથી વધુ રોકાણ કરનારા દેશોમાંથી એક છે. ડૉ.જયશંકર જર્મનીના વિદેશ મંત્રીને પણ મળશે.

ડો. જયશંકર આ મહિનાની 12મી તારીખથી સ્વિટ્ઝર્લેન્ડના જીનીવાની મુલાકાત લેશે. જિનીવામાં સંયુક્ત રાષ્ટ્રની ઘણી શાખાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આવેલી છે. આ મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી આ સંસ્થાઓના વડાઓ અને પ્રતિનિધિઓને મળશે જેની સાથે ભારત સક્રિય રીતે સંકળાયેલું છે. ડૉ.જયશંકર સ્વિત્ઝર્લેન્ડના વિદેશ મંત્રીને પણ મળશે.

# UAE CROWN PRINCE - INDIA VISIT

સંયુક્ત આરબ અમીરાતના યુવરાજ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન આજે ભારત આવશે. તેઓ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.

તા. 08-09-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

આ મુલાકાતનો ઉદ્દેશ્ય UAE અને ભારત વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવાનો છે. શ્રી ખાલિદની સાથે મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને આર્થિક ભાગીદારોનું પ્રતિનિધિમંડળ પણ છે.

શ્રી ખાલિદ આર્થિક સહયોગ વધારવા માટે ભારતમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક પણ કરશે. તેઓ વિવિધ ક્ષેત્રોમાં અમીરાત અને ભારત વચ્ચેના મજબૂત આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને ઉજાગર કરતા અનેક કાર્યક્રમમાં ભાગ લેશે.

UAE અને ભારત વચ્ચે આર્થિક વિકાસ, રોકાણ, વેપાર અને આબોહવા પરિવર્તન નિયંત્રણના ક્ષેત્રોમાં હાલની ભાગીદારી રચનાત્મક સહયોગનું આંતરરાષ્ટ્રીય મોડેલ બની ગયું છે. બંને દેશોએ વૈશ્વિક સ્થિરતા અને શાંતિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધતા પણ દર્શાવી છે.

## *J&K-ELECTIONEERING*

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની અને પાછા ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે, જ્યારે બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રોની ચકાસણી પણ પૂર્ણ થઈ છે. આ સાથે રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ આક્રમક પ્રચાર શરૂ કર્યો છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે રામબન અને બનિહાલમાં જાહેર સભાઓ સંબોધશે.

અત્યાર સુધી બે રાષ્ટ્રીય નેતાઓએ રાજ્યમાં પ્રચાર કર્યો છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને લોકસભામાં વિરોધ પક્ષનાં નેતા રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે.

આગામી સપ્તાહોમાં વધુ કેટલાંક રાષ્ટ્રીય નેતાઓ રાજ્યમાં પ્રચાર કરવા આવશે. 18મી સપ્ટેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન થશે ત્યારે આગામી દિવસોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપના પ્રમુખ જેપી નડ્ડા, કેન્દ્રીય મંત્રીઓ શિવરાજસિંહ ચૌહાણ, નિતીન ગડકરી, મનોહરલાલ ખટ્ટર, જી કિશન રેડ્ડી પણ પ્રચાર કરવા આવે તેવી સંભાવના છે. 25 સપ્ટેમ્બરે બીજા અને 1 ઓક્ટોબરે ત્રીજા તબક્કામાં મતદાન થશે. 8 ઓક્ટોબરે પરિણામ જાહેર થશે.

## *VP-LITERACY-DAY*

તા. 08-09-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

જગદીપ ધનખડે  કહ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એક મોટું પરિવર્તનકારી પગલું છે અને તે યુવાનોને તેમની પ્રતિભા અને ઊર્જાનો સંપૂર્ણ ઉપયોગ કરવાની તક પૂરી પાડે છે.

આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે ભાષાઓની સમૃદ્ધિની દ્રષ્ટિએ ભારત એક અનોખો દેશ છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી ધનખડે  દરેક વ્યક્તિને ઓછામાં ઓછી એક વ્યક્તિને સાક્ષર બનાવવાની પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, કોઈને સાક્ષર બનાવવું એ માનવતાની સેવા છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, દેશને આગળ વધતા કોઈ રોકી શકશે નહીં. શ્રી ધનખડે  જણાવ્યું હતું કે, ગામડાઓ સુધીમાર્ગ સંપર્ક , શાળાઓ, વીજળી, શૌચાલય અને ઇન્ટરનેટ સેવાઓ સાથે દેશ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યો છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *AJIT DOBHAL RUSSIA VISIT*

રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોભાલ રશિયા-યુક્રેન કટોકટીનો ઉકેલ લાવવાના હેતુથી આ સપ્તાહે મોસ્કોની મુલાકાતે જશે એમ સૂત્રોએ જણાવ્યું છે.

તા. 08-09-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જુલાઇ મહિનામાં રશિયા અને ઓગસ્ટના અંતમાં યુક્રેનની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે બંને દેશોનાં પ્રમુખ વ્લાદિમીર પુટિન અને વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે બેઠકો યોજી હતી.

શ્રી ઝેલેન્સ્કી સાથેની બેઠક બાદ શ્રી મોદીએ રાષ્ટ્રપતિ પુટિન સાથે ફોન પર વાત કરી હતી અને રાજકીય તથા રાજદ્વારી માધ્યમથી બંને દેશો વચ્ચે સમાધાન કરાવવાની ભારતની પ્રતિબધ્ધતા પર ભાર મૂક્યો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, આ ફોન મંત્રણા દરમિયાન જ બંને નેતાઓએ નિર્ણય લીધો હતો કે રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોભાલ શાંતિ મંત્રણા માટે મોસ્કો જશે. જો કે દોભાલની મુલાકાત આ સપ્તાહે બ્રિક્સ દેશોનાં રાષ્ટ્રીય સલામતી સલાહકોની બેઠકનો ભાગ છે.

## *PREZ-NUAKHAI-GREETINGS*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના નાગરિકોને અને ખાસ કરીને ઓડિશાના લોકોને કૃષિ ઉત્સવ નુઆખાઈ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સુશ્રી મૂર્મુએ કહ્યું કે, આ તહેવાર દેશના ખેડૂતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પ્રસંગ છે. તેમણે આ ઉત્સવ દરેકના જીવનમાં સુખ અને સમૃદ્ધિ લાવે તેવી શુભકામનાઓ પાઠવી છે .

## *REV-LUCKNOW-COLLAPSE*

લખનઉમાં ગઈકાલે ધરાશાયી થયેલા મકાનના કાટમાળમાંથી વધુ ત્રણ મૃતદેહો મળી આવતાં મૃત્યુઆંક 8 થયો છે. ઇજાગ્રસ્ત 28 લોકોને સારવાર અર્થે અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બચાવ કામગીરી દરમિયાન ગઇકાલે રાતે કાટમાળ નીચેથી વધુ ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા.

પોલીસ અને વહીવટીતંત્રની સાથે રાજ્યઅને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની ટુકડીઓ બચાવ કામગીરી કરી રહી છે. લખનઉના ટ્રાન્સપોર્ટ નગર વિસ્તારમાં ગઈ સાંજે ત્રણ માળ એકની ઈમારત ધરાશાયી થઈ હતી.

## *PARALYMPIC GAMES - PREZ-VP-PM*

તા. 08-09-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

આજે પેરિસમાં પેરાલિમ્પિક ગેમ્સનું સમાપન થશે. ગઈકાલે ભારતે વધુ બે ચંદ્રકો મેળવ્યા હતા. પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં ઈરાનનો રમતવીર ગેરલાયક ઠરતાં નવદીપ સિંઘે સુવર્ણ ચંદ્રક અને દોડવીર સિમરન શર્માએ મહિલાઓની 200 મીટર ટ્રેક ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ભારત 7 સુવર્ણ, 9 રજત અને 13 કાસ્ય સહિત કુલ 29 ચંદ્રક સાથે મેડલ ટેલીમાં 16માં સ્થાને રહ્યું છે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ પેરિસ પેરાલિમ્પિક ચંદ્રક વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, નવદીપ સિંહે પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં સુવર્ણ જીતીને રમતપ્રેમીઓનું દિલ જીતી લીધું છે અને દેશને તેના પર ગર્વ છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, સિમરનની સફળતા તેની મહેનત, સમર્પણ અને નિશ્ચયનું પરિણામ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સિમરનની સફળતા અન્ય ખેલાડીઓને પણ પ્રેરણા આપશે.

## *IMD-RAINFALL*

હવામાન વિભાગે આજે તટિય આંધ્રપ્રદેશ અને ઓડિશામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં પણ આજે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.આકાશવાણી સાથે વાત કરતા હવામાન વિભાગના વૈજ્ઞાનિક આરકે જેનામાણીએ જણાવ્યું કે છત્તીસગઢ અને ઝારખંડમાં પણ આવતીકાલ સુધી ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આવતીકાલ માટે મધ્યપ્રદેશના વિવિધ ભાગોમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.